# મેઘરજમાં અધિકારીઓને હેરાન કરતા એક સંગઠન નેતાને પ્રદેશમાંથી ફોન રણક્યો?

## ■ આગેવાનને ઠપકો મળતા અધિકારોમાં ખુશી? ■

મેઘરજ તા. ૨૧

રાજકારણમાં હોદો પ્રજાલક્ષી સારા કામો આગળ થઈ કરવા માટે મળતો હોય છે. પરંતુ કેટલાક સત્તાના નશામાં ચકનાચૂર લોકોને હોદ્દો મળ્યા બાદ અહમ આવી જતો હોય છે. અને અહમ વિનાશનું મૂળ હોવાનું જાણવા છતાંય તેમાંથી બહાર નીકળતા નથી. અને પોતાના હોદ્દાની રૂએ અધિકારીઓ તેમજ નાના માણસો પર પોતાનું પ્રભુત્વ બનાવી રાખવા માંગતા હોય છે. જેને લઈ પોતાની સાથોસાથ પક્ષને પણ નુકસાન પહોંચતું હોય છે.

મેઘરજમાં છેલ્લા કેટલાક સમયથી ભાજપના એક સંગઠનના નેતાની અધિકારીઓને હેરાનગતિ વધી જવા પામી હોવાની ચર્ચાઓ સંભળાય રહી હતી. અને બદલી કરાવી દેવાની ધમકીઓથી અધિકારીઓ થાકી ગયા હતા. સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે આ આગેવાનથી પરેશાન થયેલા એક અધિકારીએ પ્રદેશ સંગઠનમાં જાણ કરી દીધી હતી.જેને લઈ પ્રદેશમાંથી આગેવાનને સરખા રહેવા માટે ફોન આવી જતા આગેવાન ઠંડા પડી ગયા હતા. અને અધિકારીને મળી બીજીવાર આવું નહિ થાય તેવી ખાતરી આપી હતી.આગેવાનને મળેલા ઠપકાના સમાચાર મેઘરજનગર પ્રસરતા અધિકારીઓની સાથોસાથ ભાજપ કાર્યકરોમાં આનંદ છવાઈ ગયો હતો.

**નવું મંત્રીમંડળ બન્યા બાદ તો આ આગેવાન અતિ ઉત્સાહમાં આવી ગયા હતા અને મારા એક અંગત મિત્ર મંત્રી બની ગયા છે. હવે તો ગમે તેની બદલી કરાવી શકું છું. તેવી ડંફાશો મારતા હોવાનું ભાજપના જ એક આગેવાને ગાંધીનગર સમાચાર બ્યુરો ઓફિસને ફોન કરી જણાવ્યું હતું.**

# ધાનેરામાં રાત્રીના સમયે લીલા લાકડાનો કાળો કારોબાર : સ્થાનિક તંત્ર મૌન

**તુલશીનગર સોસાયટી પાસે લીલા લાકડા ભરેલું ટ્રેક્ટર પલટ્યું કલાકોનો સમય વીતવા છતાં તંત્રના એક પણ અધિકારી ન ફરક્યાઃ બીજું ટ્રેક્ટર મંગાવી લીલા લાકડા શો મિલમાં ઠાલવ્યા હતા**

ધાનેરા, તા. ૨૧

બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા વિસ્તાર માં છેલ્લા ઘણા સમય થી લીલા લાકડા નો કાળો કારોબાર ચાલી રહ્યો છે અને આ કારોબાર અસંખ્ય લીલા વૃક્ષો ને ગેરકાયદેસર રીતે કાપી શોમિલ માં ઠાલવી રહ્યા છે છતાં પણ ધાનેરા નું સ્થાનિક તંત્ર ચૂપ છાપ તમાશો જોયા કરે છે લીલા લાકડા નો કાળો કારોબાર શો મિલ માં ઠાલવવામાં આવી રહ્યા છે ધાનેરા થરાદ હાઈવે ધાનેરા ડીસા હાઈવે ધાનેરા નેનાવા હાઈવે જડીયા રોડ સહીત ના વિવિધ રસ્તાઓ પર થી રાત્રી ના સમયે લીલા લાકડા ભરેલા ૫૦ કરતા પણ વધુ ટ્રેક્ટરો પસાર થાય છે પરંતુ જાને ધાનેરા નું સ્થાનિક તંત્ર આ લોકો ને છાવરી રહ્યું હોય તેમ આંખ આડા કાંન કરે છે ત્યારે ગતમોડીરાત્રે ધાનેરા ની તુલસી



ચલાવનાર ને ધાનેરાનું સ્થાનિક તંત્ર છાવરી રહ્યું હોવાથી ધાનેરા વિસ્તારના વૃક્ષ પ્રેમી લોકો માં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે સરકાર દ્વારા મોટા પ્રમાણમાં ખર્ચ કરી વૃક્ષ રોપાં કાર્યક્રમ તેમજ વૃક્ષના ઉછેર પાછળ ખર્ચ કરે છે ત્યારે ધાનેરા માં કેટલાક અધિકારીઓ ની મિલીભગતી ના કારણે ખુલ્લેઆમ લીલા વૃક્ષોનું નિકંદન નીકાળવામાં આવી રહ્યું છે અને રાત્રી ના સમયે ધાનેરા વિસ્તાર માંથી મોટી માત્ર માં લીલા વૃક્ષો નું નિકંદન નીકન્દન નીકળી ધાનેરા ની નગર પાસે એક લીલા લાકડા ભરેલું ટ્રેક્ટર પલટી ખાઈ જતા રૅક સાઈડ નો રસ્તો બ્લોક થઈ જવા પામ્યો હતો અને અન્ય વાહન ચાલકો ને પણ ભારે મુશ્કેલી નો સામનો કરવો પડ્યો હતો કલાકો નો સમય વીતવા છતાં પણ ધાનેરા ના એક પણ અધિકારી ઘટના સ્થળ બાજુ ફરક્યા પણ ન હતા ત્યારે ટ્રેક્ટર મલિક તાત્કાલિક ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને બીજું ટ્રેક્ટર લાવી લીલા લાકડા સગેવગે કરી દીધા હતા.

# જન્મદિને વધામણી



દૈવત આર. બારોટ
ડીસા જી. બનાસકાંઠા



સંજય કા.પટેલ
ડેમાઇ તા. બાયડ




ખાન્નીસ બી.પટેલ
ધનસુરા



ડો. પ્રવિણસિંહ સોલંકી
અધિક્ષક, જીતપૂર રેફરલ હોસ્પિટલ
બાયડ



ડો,રાજેન્દ્રભાઈ એચ.પટેલ
આકુંદ તા.ધનસુરા



વૃદ્ધિ બેન જીતેન્દ્રભાઈ પટેલ
ડેમાઈ (હળવદ)

# અરવલ્લી જિલ્લાનો યુવા ઉત્સવ અને કલા મહાકુંભ-૨૦૨૧ જે.એસ. મહેતા હાઈસ્કૂલ ધનસુરા ખાતે યોજાયો

ધનસુરા,તા. ૨૧

અરવલ્લી જિલ્લાનો યુવા ઉત્સવ અને કલા મહાકુંભ ૨૦૨૧ શ્રી જે.એસ મહેતા હાઈસ્કુલ ધનસુરા ખાતે તા. ૨૧/૯/ ૨૧ ને મંગળવારના રોજ યોજવામાં આવ્યો હતો રાજ્ય સરકારના રમતગમત તથા સાંસ્કૃતિક વિભાગ દ્વારા રાજ્યના કિશોર તથા યુવા વર્ગમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા આ મહોત્સવમાં સાહિત્ય અને સાંસ્કૃતિક ક્ષેત્રની અનેકવિધ કલાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે આ વર્ષે આ કાર્યક્રમ જે. એસ. મહેતા હાઈસ્કુલના યજમાન પદે યોજાયેલા કાર્યક્રમના ઉદઘાટન સત્રમાં સમારંભ ને દિપાવવા અરવલ્લી જિલ્લા રમતગમત અધિકારી શ્રીમતી હર્ષાબેન ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. સમારંભના અધ્યક્ષ સ્થાને સાબર ડેરીના ડિરેક્ટર અને ધનસુરા કેળવણી મંડળના પ્રમુખશ્રી કાંતિભાઈ એસ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા સમારંભના ઉદ્ઘાટક તરીકે કેળવણી મંડળના ટ્રસ્ટી શ્રી મોતીભાઈ પટેલ હાજર રહ્યા હતા. મુખ્ય મહેમાનનું સ્થાન સૌરભભાઈ અમૃતભાઈ પટેલ વડાગામ અને બીપીનભાઈ એચ.પટેલ (સાબર રીજીયન ના મિશન ચેરમેન) એ શોભાવ્યું હતું. અતિથિ વિશેષ તરીકે વેજપુર થી ડી.કે પ્રજાપતિ.. શ્રી એન.ડી.પટેલ ખૂમાપુર. શ્રી મુકેશભાઈ. બી. પટેલ ધનસુરા. અને શ્રી રાજુભાઇ કે પટેલે સાઠંબા.હાજર રહ્યા હતા. આ ઉપરાંત ધનસુરા કેળવણી મંડળના હોદ્દેદારો જિલ્લાની વિવિધ સ્કૂલના આચાર્યશ્રીઓ તથા નામાંકિત નિર્ણાયક શ્રી ઓએ હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના આચાર્ય શ્રી પ્રકાશભાઈ આર દેસાઈ એ શબ્દો વડે સૌનું સ્વાગત કર્યું હતું ત્યારબાદ દીપ પ્રગટાવીને કાર્યક્રમને વિધિવત ખુલ્લો મુક્યો હતો ત્યાર પછી મંચસ્થ મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું શાળાના સુપરવાઈઝર શ્રી એચ.કે.પટેલ એ સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.કાર્યક્રમનું સંચાલન શાળાના સુપરવાઈઝર શ્રી એ.જે.પટેલ એ કર્યું હતું. ઉદ્ઘાટન સત્ર બાદ વિવિધ સાંસ્કૃતિક અને સાહિત્યક સ્પર્ધા યોજાઈ હતી જેમાં સમગ્ર જિલ્લામાંથી મોટી સંખ્યામાં વિવિધ કૃતિઓ સાથે સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતા લગ્ન ગીત. ભજન સમૂહ ગીત વગેરે કૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી દિવસ પર્યન્ત ચાલેલા આ મહોત્સવમાં મોટી સંખ્યામાં શાળાના બાળકો ઉપસ્થિત રહીને કાર્યક્રમને માણ્યો હતો. નિષ્પક્ષ નિર્ણય ગણે પ્રશંસનીય જવાબદારી વહન કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્યશ્રી સુપરવાઈઝર શ્રીઓ તથા સમગ્ર શિક્ષક ગણે ભારે જહેમત ઊઠાવી હતી



# બીએસએફ જવાનોની સાઈકલ યાત્રા ધાનેરા રાત્રી રોકાણ કર્યા બાદ સવારે દાંતીવાડા જવા માટે પ્રસ્થાન કર્યું

ધાનેરા, તા. ૨૧

આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થયા અને અમૃત મહોત્સવના ભાગરૂપે જમ્મુ કાશ્મીરથી બીએસએફ જવાનો ની સાઈકલ યાત્રા નીકળી છે અને આ સાયકલ રેલી ગુજરાત રાજસ્થાન પંજાબ સહિતના વિવિધ રાજ્યો અને વિવિધ શહેરોમાં વિવિધ સંદેશા સાથે ફરી રહી છે અને આ સાયકલ યાત્રા બીજી ઓક્ટોબરના દિવસે દાંડી મુકામે પહોંચી અમૃત મહોત્સવની ઉજવણી કરશે આ સાયકલ યાત્રા ગઈ કાલે ધાનેરા આવી પહોંચી હતી ધાનેરા ની કે આર આંજણા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ માં રાત્રી રોકાણ કર્યું હતું અને રાત્રિ રોકાણ બાદ આજે વહેલી સવારે ધાનેરા થી દાંતીવાડા જવા માટે પ્રસ્થાન પ્રસ્થાન કર્યું હતું ત્યારે કોલેજમાં તમામ જવાનોને ધાનેરાના સુરેશભાઈ ભગવાનદાસ પટેલ દ્વારા પુરતી સુવિધા આપવામાં આવી હતી અને વહેલી સવારે આ જવાનો ની સાઈકલ યાત્રા ને ધાનેરા થી દાંતીવાડા જવા માટે પ્રસ્થાન કરાવ્યું હતું દેશના જવાનો સરહદ પર દેશની તેમજ દેશના લોકોની રક્ષા તો કરે છે પરંતુ સાથે સાથે લોકોને પણ એક વિવિધ સંદેશાઓ સાથે સાઈકલ રેલી યોજી દેશમાં ભાઈચારો બની રહે તેવા પ્રયાસો કરે છે.



**રાજ્ય સરકાર નબળા કામની તપાસ કરાવે**

# અરવલ્લી જિલ્લા પંચાયત આર. એન્ડ બી.માં અનહદ ભ્રષ્ટાચાર...!!

**હલકી ગુણવત્તાના કામમાં નોટિસ આપવાનો દેખાડો કરી પાછલા બારણે સંકેલો કર્યો**

હિંમતનગર, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના પંચાયત આર. એન્ડ બી. શાખાના જવાબદારી અધિકારીઓ દ્વારા અનહદ ભ્રષ્ટાચાર આદરવામાં આવ્યો છે. ૬ થી વધુ ડામર રોડમાં નબળા કામની પોલ ખુલ્યા પછી હલકી ગુણવત્તાના કામ બોબતે નોટીસ આપી પાછળા બારણે સંકેલો કરી દીધાની ગરમાગરમ લોકચર્ચા શરૂ થઈ છે. રાજય સરકાર દ્વારા અરવલ્લી જિલ્લામાં પંચાયત વિભાગ દ્વારા થયેલ ડામર રોડ તેમજ પીંચીંગ કામની તપાસ થાય તો લખલૂંટ ભ્રષ્ટાચાર બહાર આવી શકે છે.

જિલ્લા પંચાયત આર.એન્ડ બી. શાખાના જવાબદાર અધિકારી માત્ર કોન્ટ્રાક્ટરો સાથે ફરીને પોતાનું ભલું કરી રહ્યા છે. અગાઉ મુખ્યમંત્રી સડક યોજનાના કામમાં ભ્રષ્ટાચાર થયા પછી અનેક ગ્રામ્ય વિસ્તારના માર્ગોનું નવીનીકરણ અને પેચવર્કના કામમાં ધુપ્પલ ચલાવ્યું છે. કોઈ ફરિયાદ કરે તો અરજદારને તેમના માનીતા કોન્ટ્રાકટરને કહી દામ-શામ-દંડથી અરજીનું ફીડલું વાળી દેવામાં આવે છે. લાંબા સમયથી એકજ સ્થળે ચીટકી રહેલા મહાશયની બદલી કેમ થઈ નથી !! નવી સરકાર અને નવા વિભાગના મંત્રી દ્વારા અરવલ્લીમાં થયેલા ડામર રોડના સેમ્પલ લઈ ગુણવત્તાની તપાસ થા તો અધિકારીઓ - કોન્ટ્રાકટર વગેરેની મિલિભગતનો પર્દાફાશ થઈ શકે છે.

કહેવાય છે કે, કચેરીમાં કોઈ અરજદાર કામ માટે આવ્યા હોય પણ માનીતા કોન્ટ્રાકટર આવે તો તમામ કામ પડતા મુકી અધિકારી શામળાજી તરફના માર્ગે ફરવા જતા હોવાની લોકચર્ચા છે.

# શ્રાદ્ધ પક્ષ શરૂ : જિલ્લામાં હત્યા થઈ હોય તેમનું શ્રાદ્ધ ચૌદશના દિવસે

**નવી યુવા પેઢી શ્રાદ્ધમાં માનતી નથી...!!**

બાયડ, તા. ૨૧

પિતૃઓની કૃપા મેળવવા માટે શ્રાદ્ધ પક્ષનું વિશેષ મહત્ત્વ છે. ભાદરવી પૂનમથી ૧૬ દિવસ શ્રાદ્ધ પક્ષના છે ત્યારે કોઈની હત્યા થઈ તો તેમનું શ્રાદ્ધ ચૌદશના દિવસે કરવું જોઈએ તેવું શાસ્ત્રોમાં જણાવ્યું છે.

અનેક લોકો પાસે અનેક પ્રકારની સમૃદ્ધિ હોય પરંતુ ઘરમાં-પરિવારમાં શાંતિ ન હોય તેમને પિતૃ-દોષ હોવાનું માનવામાં આવે છે. શ્રાદ્ધ પક્ષ એટલે પિતૃકૃપા પ્રાપ્ત કરવાના શ્રેષ્ઠ અવસર તરીકે જોવામાં આવે છે. દરેક વ્યક્તિના જીવનમાં આયુષ્ય, સમૃદ્ધિ, પ્રતિષ્ઠા, સન્માન વગેરે પિતૃકૃપાથી પ્રાપ્ત થાય છે અને શ્રાદ્ધ પક્ષમાં પિતૃઓનું તર્પણ કરવાથી આશીર્વાદ મળતા હોય છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં શ્રાદ્ધ પક્ષ શરૂ થતાં દૂધની માંગમાં ઉછાળો થયો છે. કોરોના કપરાકાળમાં જિલ્લામાં અનેક પરિવારોએ સ્વજન ગુમાવ્યા છે. ત્યારે આવતા વર્ષથી આવા પરિવારો પણ મૃતક સ્વજનનું શ્રાદ્ધ કરશે. દરેક પરિવારોએ અવશ્ય શ્રાદ્ધ કરવું જોઈએ તેમજ પિતૃ તર્પણ કરી પિતૃઓની કૃપા મેળવવી જોઈએ. માતાપિતાના મૃત્યુ તિથિ યાદ ન હોય તો સર્વપિતૃ અમાવસ્યાએ અવશ્ય શ્રાદ્ધ કરવું જોઈએ. જો કે શ્રાદ્ધ પક્ષ બાબતે નવી પેઢી માનતી ન હોવાનું પણ જાણવા મળ્યું છે.

# ધાનેરાના તુલસીનગર પાસે રોડ પર મોટા ખાડા પડી જતાં વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ઉઠયા

**ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરવા છતાં પણ કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી : સ્થાનિક**





ધાનેરા, તા. ૨૧

ધાનેરાની તુલસી નગર સોસાયટી પાસે દર વર્ષે રોડ તુટી જવા પામે છે અને વાહનચાલકોને ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે આ વખતે પણ આ રોડ પર મોટા મોટા ખાડા પડી જતા વાહન ચાલકોને ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે તેમજ વાહનો માં પણ ભારે નુકસાન થાય છે ત્યારે વાહન ચાલકો પણ હવે તો ત્રાહિમામ પોકારી ઉઠયા છે વાહન ચાલકોની સાથે સાથે સ્થાનિક લોકો પણ આ તૂટેલા રોડથી ત્રાહિમામ પોકારી ઉઠયા છે અને મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે નેશનલ ઓથોરિટીના ઉચ્ચ અધિકારીને રોડના સમારકામ બાબતે વારંવાર રજૂઆત કરવામાં આવી છે છતાં પણ કોઇ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી આ ખાડાઓના કારણે અનેક વાર અકસ્માતો પણ સર્જાય છે અને વાહનો પણ પલ્ટી મારી જાય છે કોઈ મોટી હોનારત સર્જાય તે પહેલા આ રોડનું રીપેરીંગ કામ કરવામાં આવે તેવી સ્થાનિક લોકો પણ માંગ કરી રહ્યા દર વર્ષે આ જગ્યા પરથી રોડ તૂટી જાય છે અને રોડ પર મોટા ખાડા પડી જાય છે જેથી કરીને વાહનો પણ પલ્ટી જાય છે અને વાહનચાલકોને મોટું નુકસાન વેઠવાનો વારો આવે છે ત્યારે રોડની ગુણવત્તા ને લઈ અનેક સવાલો ઉભા થાય છે.

# લૉ કૉલેજ હિંમતનગર ખાતે 'ઓર્ગન ડોનેશન જાગૃતિ અભિયાન કાર્યક્રમ' યોજાયો




હિંમતનગર તા.૨૧

લો કોલેજ, હિંમતનગર ખાતે શુક્રવારના રોજ અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ તથા સરકારશ્રી ના માર્ગદર્શન અનુસાર 'ઓર્ગન ડોનેશન જાગૃતિ અભિયાન કાર્યક્રમ' યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં કાર્યકર્તા ચંદ્રકાંતભાઈ વ્યાસ, પિનાકીનભાઈ, વક્તા જીગ્નેશભાઈ પ્રજાપતિ, કલ્પિતભાઈ દવે, કાર્યક્રમના અધ્યક્ષ અને કોલેજના કા.આચાર્ય ડૉ. બિનલ પટેલ, પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ડો.વૈદેહી પંડ્યા તથા ડો.પારસ જોશી હાજર રહેલા. આ કાર્યક્રમમાં મહાનુભાવોએ ઓર્ગન ડોનેશન નું મહત્વ સમજાવેલ અને મૃત્યુ બાદ અથવા બ્રેઈન ડેડ ના કિસ્સામાં અંગદાન માટે વિદ્યાર્થીઓને પ્રેરિત કરેલ અને અંગ દાન કરવા તથા તે માટેની જાગૃતિ, પ્રચાર-પ્રસાર કરવા માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ૫૦થી વધુ સંખ્યામાં વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો અને સ્ટાફ મિત્રો હાજર રહેલા સમગ્ર કાર્યક્રમનું સંચાલન નેક કોર્ડીનેટર ડો.જયપ્રકાશ જાની દ્વારા કરવામાં આવેલ. સ્ટાફના સભ્યો તથા વિદ્યાર્થીઓના સહયોગથી આ પ્રોગ્રામ સફળ રહ્યો હતો.